**– :: જાહેરાત ::–**

જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારાના મહેકમ ઉપર હાલમાં ખાલી રહેવા પામેલ ગુજરાતી સ્ટેનોગ્રાફરના પદની ખાલી જગ્યાઓ સામે, ગુજરાત સરકારશ્રીનાં નાંણા વિભાગ દ્વારા તારીખ: ૧૭–૦૬–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : એફ.એ.એચ.–૧૦૨૦૧૫–યુ.ઓ.–૩૩–ચ તથા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તારીખ : ૦૨–૦૭–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : લપક – ૧૧/૨૦૧૪/૮૯૪૦૬૮/ખ–૩માં કરેલ જોગવાઈ અનુસાર, તદન હંગામી, કામચલાઉ તથા પ્રતિ પાના દીઠ રૂા. ૨૦/– ફીકસ મહેનતાણાં (માસિક મહત્તમ રૂા. ૧૫૦૦૦/–ની મર્યાદામાં) ના ધોરણે, સેવા આપવા ઈચ્છુક અને નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ વિષય અનુસંધાને શરતો, જરૂરી સુચનાઓ, અરજીનો નમુનો તેમજ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત અંગેની વિગતો જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારાની વેબસાઈટ https://tapi.dcourts.gov.in/past-notices/recruitment/ ઉપર ઉપલબ્ધ છે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૦–૦૩–૨૦૨૪ નિર્ધારીત કરવામાં આવે છે.

**ગુજરાતી સ્ટેનોગ્રાફરની ૦૩ જગ્યાઓ માટે :**

(૧) ગુજરાતી સ્ટેનોગ્રાફરની જગ્યા માટે ઈચ્છુક ઉમેદવારો માન્ય યુનિવર્સિટીની સ્નાતક અથવા સરકારશ્રી તરફથી તેની સમકક્ષ ઠરાવેલ હોય તેવી પદવી ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવાર ગુજરાત સરકારશ્રીના ઠરાવમાં જણાવ્યા મુજબનું કોમ્પ્યુટરને લગતું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) ગુજરાતી સ્ટેનોગ્રાફર માટે લઘુલીપીની ૭૫ શબ્દોની ઝડપ અને તે અંગેની જી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ઈચ્છનીય છે. ગુજરાતી ટાઈપીંગમાં ઉમેદવાર દર મિનિટે ૨૫ શબ્દોની ઝડપ અથવા તેને સમકક્ષ લાગુ પડતી કી નો ઉપયોગ કરવાની આવડત ધરાવતા હોવા જોઈએ.

**સુચનાઓ:**

(૧) અરજી સાથે ઉમેદવારે ઉંમર (શાળા છોડયાનું પ્રમાણપત્ર), શૈક્ષણિક લાયકાત તથા અન્ય કોઈ દસ્તાવેજ (જો હોય તો) તેની પ્રમાણપત્ર નકલો જોડવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજી રજીસ્ટર્ડ એ.ડી., સ્પીડ પોસ્ટ અગર તો માન્ય કુરીયર સર્વિસ મારફતે મોકલવાની રહેશે. રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૩) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : **૩૦/૦૩/૨૦૨૪** છે.

(૪) ઉમેદવારની પસંદગી લઘુલીપી તથા ટાઈપીંગ ટેસ્ટના પરિણામના આધારે કરવામાં આવશે અને જરૂર જણાશે તો મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે.

**<u>શરતો :</u>**

(૧) સદરહુ નિમણુંક તદ્દન હંગામી અને કામ ચલાઉ રહેશે. ઉમેદવારોને કાયમી થવાનો કોઈ હકક રહેશે નહી અને નિમણુંક થયા પૂર્વ તે મતલબનું ઉમેદવારે બાંહધરી પત્રક આપવાનું રહેશે.

(૨) ઉમેદવારને નિમણુંક મળ્યા બાદ ન્યાયાધીશશ્રીઓ પાસે ડિકટેશન લઈ કોમ્પ્યુટર પર ટાઈપ કરવાનું રહેશે. ટાઈપ કરેલા પાના ધ્યાને લઈ રૂપિયા ૨૦/– પ્રતિ પાનાના દરે (મહત્તમ રૂ. ૧૫૦૦૦/– ની મર્યાદામાં) મહેનતાણું સરકારશ્રીના નિયમોને આધિન દરેક માસના અંતે ચુકવવામાં આવશે.

(૩) ઉમેદવારે મહેનતાણા માટે માસના અંતે કરેલ કામનો રીપોર્ટ ન્યાયાધીશશ્રીઓ દ્વારા પ્રમાણિત કર્યા બાદ જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારાને મોકલી આપવાનો રહેશે અને તે મુજબ ઉમેદવારને મહેનતાણાની રકમ ચુકવવામાં આવશે.

(૪) પસંદગી પામેલા ઉમેદવારની કામગીરી જો સંતોષકારક નહી જણાય અગર તો અન્ય કોઈ વહીવટી બાબતોને લીધે ઉમેદવારને ગમે ત્યારે છુટા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર ઉમેદીવારને છુટા કરવામાં આવશે જેનો અબાધિત હકક જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારાનો રહેશે અને તે મતલબનું ઉમેદવારે ઉમેદવારે બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૫) ઉમેદવારે કવર પર '' ગુજરાતી સ્ટેનોગ્રાફર (ફીકસ પે પર પેજ ધોરણે) માટેની અરજી '' તેવું સ્પષ્ટ અક્ષરે અચૂક દર્શાવવું.

(૬) પસંદગી પામેલ ઉમેદવારને અત્રેની જિલ્લા અદાલત કે તાબાની કોઈપણ તાલુકાની અદાલતમાં કામગીરી કરવા માટે નિમવામાં આવશે અને ઉમેદવારને જે જગ્યાની કામગીરી સોપવામાં આવે તે મુજબ પોતાની ફરજ બજાવવાની રહેશે.

## <u>ગુજરાતી સ્ટેનોગ્રાફરની (ફીક્સ પે પર પેજ રૂ. ૨૦/– ના ધોરણે) અરજીનો નમુનો</u>

ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો તથા સહી

પ્રતિશ્રી,
મે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સાહેબશ્રી,
જિલ્લા ન્યાયાલય,
તાપી મુ. વ્યારા.

૦૧. ઉમેદવારનું પુરેપુરૂ નામ :
(અટક પ્રથમ લખવી) (અટક) (નામ) (પિતા/પતિનુ નામ)

૦૨. પિતા/પતિનુ પુરેપુરૂ નામ :

૦૩ ૧. કાયમી સરનામું :

૨. હાલનું સરનામું :

૦૪ મોબાઈલ/ફોન નંબર : ________________
E-mail ID : ________________

૦૫ જન્મ તારીખ : ________________

૦૬ શૈક્ષણિક લાયકાત ________________

| અ.નં. | અભ્યાસ /કોર્ષ (પ્રવાહ સાથે) | બોર્ડ/ યુનિવર્સીટી/ શાળા | પાસ કર્યાનું વર્ષ | લીધેલા વિષયો | મેળવેલ ગુણના ટકા | પ્રયત્નની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |
| ૩. | | | | | | |
| ૪. | | | | | | |

નોંધ :–

૧. શાળા છોડયાનુ પ્રમાણપત્ર તથા એસ.એસ.સી./ સમકક્ષ તથા સ્નાતક ગુણપત્રક તથા પ્રમાણપત્રોની ખરી નકલો જોડવી.

૨. માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ ભાષાની નિપૂણતા ધરાવતી પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૩. કોમ્પ્યુટર કૌશલ્યનો કોર્ષ અથવા તેની સમકક્ષ પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૦૭. યોગ્યતા

(૧) ગુજરાતી લઘુલેખનમાં શબ્દ ઝડપ :

(૨) ગુજરાતી ટાઈપ લેખનમાં શબ્દ ઝડપ :

(૩) કોમ્પ્યુટરની જાણકારીની વિગત :

નોંધ :- રાજ્ય પરીક્ષા બોર્ડ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્રની ખરી નકલ સામેલ રાખવી.

૦૮. અરજદારની જ્ઞાતિ

(અરજદારની અનુસિચિત જાતિ / અનુસુચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત /શારીરિક ખોડખાપણ વાળા/ માજી સૈનિક છે.) :

૦૯ અનુભવ, જો હોય તો :

૧૦. જિલ્લા ન્યાયાલય, તાપી મુ. વ્યારામાં તમારા સગા નોકરી કરે છે ? જો હા, તો કર્મચારીનું નામ હોદ્દો તથા તેની સાથેનું સગપણ જણાવવું :

**<u>- :: એકરાર :: -</u>**

આથી હું નીચે સહી કરનાર ઉમેદવાર પ્રમાણિત કરૂં છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારા જણાવ્યા તથા માનવા પ્રમાણે સંપુર્ણ સાચી અને ખરી છે. હું સમજું છું અને સમંત થાઉ છું કે કોઈપણ તબકકે, કોઈપણ સંજોગોમાં કોઇપણ માહિતી જે મેં પુરી પાડી તે ખોટી અથવા ખામીયુકત જણાશે મારી અરજી / ઉમેદવારી રદ થવાને પાત્ર થશે અને જો મને નિમણુંક આપવામાં આવી હશે તો મારી નિમણું રદ કરવાપાત્ર થશે.

સ્થળ : ..............................................

તારીખ : (ઉમેદવારની સહી)

***<u>અરજી સાથે સામેલ રાખી મોકલાવેલા પ્રમાણિત નકલોની વિગત:</u>***

(૧)

(૨)

(૩)

(૪)